સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૨૨૫૫

સલામી સવારની..

છે બધા માસીઆઇ કોઇને બંધાવું નથી!
આરટીઆઇ ચૂલે કોઇને રંધાવું નથી!
થઇ જશે એક સૌ ઘંટીયોર સંસદમાં -
ચરવું 'ખૂંટ' બની કોઇને ખંધાવું નથી!
(ઢોર બાંધવાની જગા = ખંધો)

હાઈકુ

ઓકાઇ જાય
'સત્ય' ઉંઘમાં પણ -
મૂંડે લવારે
(ચૂંટણી ખર્ચ-નાટક)

પીગળી જશે,
ભાગલાં લોખંડથી
લોહ-પુરૂષ..
(પ્રચાર-નાટક)

ચિંતન

અજિર્ણે ભેષજં વારિ, જીર્ણે વારિ બલપ્રદમ્ ।
ભોજને ચ અમૃતં વારિ ભોજનાન્તે વિષપ્રદમ્ ॥

આ શ્લોકમાં પાણી-પ્રયોગ કહ્યો છે.

'અજીર્ણ-અપચો થાય ત્યારે પાણી પીવાથી ઔષધિ-દવા જેવું કામ કરે છે; અને જ્યારે અન્ન પાચન થઇ ગયું હોય ત્યારે પાણી પીવાથી બલ પ્રદાન કરે છે - ભોજન ચાલુ હોય ત્યારે પાણી પીવાથી બલ પ્રદાન કરે છે - ભોજન ચાલુ હોય ત્યારે મધ્યમાં પાણી પીવાથી અમૃત જેવું કામ કરે છે અર્થાત પાચનક્રિયામાં વિશેષ મદદરૂપ થાય છે પરંતુ એ જ પાણી જો ભોજનાન્તે - જમ્યા પછી પીવામાં આવે તો વિષ જેવું ઝેર જેવું નૂકશાન કારક છે.'

આયુર્વેદમાં પાણીનાં ઘણાં સદઉપયોગ દર્શાવવામાં આવ્યાં છે :

- રાત્રે તાંબાના કળશિયામાં - લોટામાં પાણી ભરી રાખી વહેલી સવારે પીવાથી પાચક અને બલપ્રદ છે એ જ પાણી આંખો પર છાંટવાથી દૃષ્ટિને ફાયદાકારક છે.
- સવારે પાણીમાં લીંબુ-નયોવી પીવાથી પેટની ચરબી મેદ ઓછો થાય છે.
- ગરમ કરીને પાણી પીવાથી કબજિયાત દૂર કરે છે.
- ગરમ પાણીમાં સૂંઠવાળી ઉકાળી પીવાથી શરદી-કફ-વાયુ દૂર થાય છે.
- સવારે ઠંડા પાણીના સ્નાનથી આખો દિવસ સ્ફૂર્તિ રહે છે.

સુવિચાર

- રાત એ અંધકારને વાગોળવાનું કારાગૃહ નથી પણ સુમધુર પ્રભાતનું પ્રતિક્ષાલય છે **- ડો. ચંદ્રકાન્ત મહેતા**
- ઇશ્વરે મોકલેલી આફત આત્મ સુધારણા માટેનું અમોઘ શસ્ત્ર છે. જિંદગીમાં આવતી કસોટીઓ આપણા આત્મબળના ખજાનાના દ્વાર ખોલનારી છે **- સંત ઓગસ્ટીન**
- જે સંઘર્ષના શેષનાગને ક્યડી નાખે છે તેને સંઘર્ષના મસ્તક પર બિરાજતો મણિ પ્રાપ્ત થાય છે જેને દુનિયા એ 'સફળતા' એવું સરસ નામ આપેલ છે **- જ્ઞાન સૂત્ર**
- કર્તવ્ય પાલનની તાકાત ન હોય તો શિક્ષણ શા ખપનું?? **- ભર્તૃહરિ**
- સાચા ગુરૂ તમને આઝાદી આપશે, આનંદ આપશે આશ્વાસન નહીં આપે **- ઓશો**
- તમારૂં મન જો મીણનું હોય તો તડકામાં ફરશો નહીં **- ફ્રેંકલીન**

બોધ કથા

આપણે વ્યવહારમાં વિના કારણ 'સત્ય' બોલી કે પ્રગટ નથી કરી શકતા - આમ કહીશ તો આને ખોટું લાગશે, સ્પષ્ટ કહીશ તો એને દુઃખ થશે, અથવા કોઇને સારૂં લગાડવા પણ આપણે ખોટું ખોટું - સત્ય હોય એમ બોલીએ છીએ. નેતા ચૂંટણી કેમ જીત્યા હોય એ એનું મન જાણતું હોય છતાં મતદારોનો આભાર માને છે. પહેલા-બીજા નંબરે આવતા સ્પર્ધકો કોઇ પોતાના ટ્રેઇનરને, શિક્ષકને મા-બાપને 'યશ' આપે છે.. પરંતુ મનમાં શું રમતું હોય એ એજ જાણતા હોય છે. સત્ય બોલવામાં હિંમત, નિખાલસ અને સ્પષ્ટ વક્તા હોવું જરૂરી છે.

બ્રિટનની નવવર્ષની એક છોકરીને 'વકતૃત્વ' સ્પર્ધામાં પ્રથમ ઇનામ મળ્યું. પોતાની તૈયારી, અભિવ્યક્તિ અને રજૂઆતના વખાણ થયા.

ઘેર આવી, દાદાને ઇનામમાં મળેલી ટ્રોફી અને રોકડ રકમની વાત કરી. દાદા શ્રદ્ધાળુ હતા. એમણે તરત કહ્યું - 'બેટા! તું નશીબદાર છે, ઇશ્વરની તારા પર કૃપા થઇ કહેવાય.'

છોકરી તરત બોલી - દાદા! આમાં નશીબ જવાબદાર નથી, મેં આ ટ્રોફી જીતવા સતત અને સખત પરિશ્રમ કર્યો હતો, હું આ મેળવવાને પાત્ર જ હતી..'

આ ખૂમારીવાળી સ્પષ્ટવક્તા પછી બ્રિટનની પ્રાઇમ મિનિસ્ટર 'માર્ગારેટ થેચર' થયાં.

E-mail : sureshchandrabhatt18@gmail.com

આપણે જે કર્યું હોય તેની જાહેરાત કરવી એના કરતાં આપણે જે કરવાનું છે, તે વધારે મહત્ત્વનું છે

મોંઘેરા મોતી
- નટવર આહલપરા

"ઉદાર દયાભાવ જરૂર એક સુંદર અને ઉમદા ગુણો છે!
પ્રભુના એના આશીર્વાદ છે અને માનવ એ માટે કૃતજ્ઞતા ધરે છે."
- હેનરી જયોર્જ

આજના ઝડપી યુગમાં મુસાફરી કરવાના સાધનો અનેક છે. એમાંનું એક છે કાર, કાર એક એવું વાહન છે, જે શ્રીમંત લોકોથી લઇને મધ્યમવર્ગના લોકોનું આકર્ષણ કેન્દ્ર રહ્યું છે અને દરેક વર્ગના લોકોનું એક સ્વપ્ન હોય છે કે, કાર ચલાવવી અને પોતાની માલિકીની કાર ચલાવવાનો આનંદ જ કંઇ ઓર હોય છે.

પરંતુ આ તો થઇ સામાન્ય લોકોની વાત. જો આવું સ્વપ્ન કોઇ બંને પગે વિકલાંગ વ્યક્તિ વિચારે તો શક્ય બને? જરૂર અને કેવી રીતે? વિશ્વકર્મા પ્રભુજીની કૃપા દૃષ્ટિ કાયમ જેમનાં ઉપર વરસે છે તેવા ગુર્જર સુતાર જ્ઞાતિના દિલીપ નરશીભાઇ ભાડે શીયા (ગજ્જર) એ પોતાની આગવી કારીગરીથી વિકલાંક લોકોના કાર ચલાવવાના સ્વપ્નોને સાકાર કર્યા. વિકલાંગોને સામાન્ય લોકોનાં પ્રવાહમાં સામેલ કરવા ઘણી સંસ્થાઓ કાર્યરત છે. પણ વ્યક્તિગત રીતે વિકલાંગો માટે સહાનુભૂતિ ધરાવતા હોય, તેવી વ્યક્તિ બહુ ઓછી જોવા મળે છે ત્યારે વ્યક્તિત્વ તરીકે મુકી શકાય.

અહીં, દિલીપ ભાડેશિયાના વ્યક્તિત્વને અનુરૂપ એક પંક્તિ પ્રસ્તુત છે :

"જેને પ્રાપ્ત કરવા માટે પર્યાપ્ત પરિશ્રમ કર્યો હોય, તેની પ્રાપ્તિ પછી જે આનંદ થાય એનું નામ પ્રસાદ."

વિકલાંગોની મર્યાદા હોય છે કે, તેઓ 'ફોર વ્હીલ' ચલાવી શકે નહીં. પણ દિલીપભાઇ એવી કાર કીટ બનાવી કે કારની બ્રેક, એક્સિલેટર અને ક્લચ ફક્ત એક જ હાથ વડે આસાનીથી ઓપરેટ થઇ શકે. જેના કારણે આજે છેલ્લા વીસ વર્ષમાં અનેક વિકલાંગ લોકો કાર ચલાવતા થયા છે અને ફક્ત ચલાવતા જ નહીં પરંતુ સામાન્ય લોકોની કાર રેલીમાં પણ ભાગ લઇ ચૂક્યા છે. દિલીપ ભાડે શીયા માટે આથિ વિશેષ બીજો પ્રસાદ ક્યો હોઇ શકે?

વિકલાંગોનાં કાર ચલાવવાના સ્વપ્નાને સફળ, સાકાર બનાવવા વિશ્વકર્મા સપૂત દિલીપ ભાડેશીયા

આ ટાઇપની કીટ જો નવી કારમાં લગાવવામાં આવે તો 'આર.ટી.ઓ.'માં આવી કારને 'ઇનવેલીડ કેરેજ' તરીકે પાસીંગ આપવામાં આવે છે એ તેની સ્પેશિયલ સિરીઝ 'આઇસી' આપવામાં આવે છે અને કારમાં 'આર.ટી.ઓ.' ટેક્સ જે સામાન્ય રીતે ૨૨-૨૩ હજારથી લઇને ૬૦-૭૦ હજાર સુધીનો થાય છે, જે માફી મળે છે. વિમામાં પણ ૫૦ ટકા સુધીની રાહત પ્રાપ્ત થાય છે. ઉપરાંત વિકલાંગો ડ્રાઇવિંગ લાયસન્સ પણ મેળવી શકે છે.

વિગત આપતા દિલીપ ભાડેશિયા જણાવે છે કે, 'ફક્ત' ડાબા પગે વિકલાંક લોકો માટે ઇલેક્ટ્રોનિક ક્લચ સિસ્ટમ ફીટ થાય છે. જે ફક્ત એક માઇક્રો બટનની ઓપરેટ થાય છે અને જો જમણા પગે તકલીફ હોય તો બ્રેક અને એક્સિલેટરની મિકેનિકલ સિસ્ટમ ફીટ થાય છે અથવા બંને પગે જો કોઇ વ્યક્તિ વિકલાંગ હોય તેમની કારમાં આ બંને સિસ્ટમ ફીટ કરવામાં આવે છે. આવી સિસ્ટમ કારમાં બેસાડ્યા પછી વિકલાંગ લોકો તો કાર ચલાવી શકે છે, પરંતુ શારીરિક રીતે સામાન્ય વ્યક્તિ પણ આવી કાર સામાન્ય રીતે ચલાવી શકે છે. એટલે આવી કાર ડ્યુઅલ પર્પઝ થઇ જાય છે. દિલીપ ભાડેશિયા પાસે અત્યારે આખા ગુજરાતમાંથી વિકલાંગ લોકો કારમાં સિસ્ટમ બનાવવા અને ફીટ કરાવવા આવે છે.

દિલીપભાઇ અને તેમનાં ગુરૂબંધુ ભરતભાઇ હંમેશા કંઇક નવું અને બીજાની મુશ્કેલીમાં ટેકનીકલ મદદ કરવાની પ્રેરણા તેમના પિતાજી સ્વ. નરશીભાઇ પાસેથી વારસમાં મળી છે. તેમના પિતાજી ટેકનીકલ ક્ષેત્રે હંમેશા નવીન મશીનરી, મેઝરીંગ ઇન્સ્ટ્રુમેન્ટ તથા વુડવર્કીંગ મશીનરી બનાવતા હતા. તેઓનાં બનાવેલાં મેઝરીંગ ઇન્સ્ટ્રુમેન્ટ આજે પણ આઇએસઆઇ ટ્રેડમાર્ગ માટેની સંસ્થાઓ, એન્જિનીયરીંગ કોલેજો અને દેશની ટોચની સંસ્થા આઇઆઇટી (બોમ્બે) માં વપરાય છે અને ખાસ કરીને વુડવર્કીંગ મશીનરીમાં સાલવીન્ધના મશીન જે હવે ભરતભાઇ બનાવી રહ્યાં છે.

ટી.ટી.કૃષ્ણમાચારીના વિચારોને દિલીપ ભાડેશિયા અનુસરી રહ્યા છે. તેમ સ્પષ્ટ રીતે કહી શકાય. 'આપણે જે કર્યું હોય તેની જાહેરાત કરવી એના કરતાં આપણે જે કરવાનું છે, તે વધારે મહત્ત્વનું છે.'

આમ, તો દિલીપ ભાડેશિયાનું મુખ્ય કામકાજ તો કાર એસેસરીઝ અને સીએનજી, એલપીજી ગેસ કીટ ફીટીંગ કરવાનું છે તો પછી આ વિકલાંગ લોકો માટેની કાર કીટ બનાવવાનું તેમને કેમ સૂઝ્યું? એ બાબતે દિલીપ ભાડેશીયા કહે છે કે, લગભગ વીસ વર્ષ પહેલાં તેમના એક વિકલાંગ મિત્રએ તેમને કહ્યું કે, 'મારી કારમાં કોઇ એવી કામગીરી કરી આપ કે, હું પણ કાર ચલાવી શકું...' ને આ ચેલેન્જ તેઓએ ઉપાડી લીધી અને ખૂબ જ કરીને બ્રેક બનાવી... ને મિત્રની કારમાં ફીટ કરી આપી અને પોતે જાતે ફક્ત હાથનાં જ ઉપયોગ વડે કાર ચલાવીને મિત્રને બતાવી... મિત્ર ખુશખુશાલ થઇ ગયો... ને દિલીપ ભાડેશિયાને આ ક્ષેત્રે આગળ વધવાની પ્રેરણા મળીને બસ ત્યાર પછી તેમણે પાછું વળીને જોયા વગર એક પછી એક એમ અત્યાર સુધીમાં નેનોથી ઝાયલો સુધીની અનેક કંપનીઓની કારમાં આ પ્રકારની ને અન્ય પ્રકારની કીટ ગૌરવભેર ફીટીંગ કરી છે.

રાજકોટમાં ૭/૧૦, ભક્તિનગર, સ્ટેશન પ્લોટ ખાતે ડી.બી. મોટર્સના નામે વ્યવસાય કરતા દિલીપ ભાડેશિયાએ ધો.૧૨ ટેકનીકલ સાયન્સ સુધીનો અભ્યાસ કર્યો છે. જે તેમને આજે પોતાના આ કાર્યમાં ખૂબ જ મદદરૂપ થાય છે. સાહસિક અને નિખાલસ વ્યક્તિત્વ ધરાવતા દિલીપ ભાડેશિયા વિકલાંક લોકોની કારમાં કીટ ફીટીંગ કરવામાં ખૂબ જ ચોકસાઇ રાખે છે... ને દરેક પાર્ટ્સની ગુણવત્તાને ધ્યાનમાં રાખીને બનાવે છે. જેને લીધે જ્યારે કોઇ પણ વિકલાંગ વ્યક્તિ કાર ચલાવે ત્યારે તેને ક્યારેય કોઇ પણ સીટીમાં કાર ચલાવે કે હાઇવે પર... ને ખાસ વાત તો એ છે કે, એ લોકો પોતાના ફેમીલીને પણ કારમાં સફર કરાવે છે...ને જ્યારે રસ્તા પર એ પોતાના ફેમીલી સાથે કાર લઇને નીકળે તો કોઇ માની ન શકે કે આ કાર કોઇ વિકલાંગ વ્યક્તિ ચલાવી રહી છે.

ને દિલીપભાઇને આવા ઉમદા કાર્ય બદલ વિકલાંગ લોકોના અને તેમનાં કુટુંબીજનોના મુક આશિષ સતત મળતા રહે છે.

દિલીપભાઇ ભાડેશીયાનું ચિંતન એ છે કે, 'જ્યારે પણ કોઇ વિકલાંગ વ્યક્તિને જુએ છે ત્યારે તેમને એમ થાય છે કે હું આ વ્યક્તિને કઇ રીતે મદદરૂપ થઇ શકું...?' ને આવા લાગણીશીલ સ્વભાવને કારણે જ દિલીપભાઇને કોઇ પણ વિકલાંગની કારમાં કીટ ફીટ કર્યાં પછી તેઓને કાર ચલાવતા જોઇને તેઓનાં ચહેરા પર અનેરો આનંદ જોઇને એક ભલુ કર્યાનો સંતોષ થાય છે. પણ તેમનાં દિલનો અવાજ એ છે કે, 'કોઇ વ્યક્તિ કોઇ પણ કારણોસર વિકલાંગ ન બને... એવી પરમ કૃપાળુ પરમેશ્વરને સતત પ્રાર્થના. જહોન રસ્કીનની પંક્તિઓથી તેમને બિરદાવીએ અને શુભેચ્છા આપતા કહીએ કે, 'ઉત્તમ કલા, કરીગીરી તે છે, જેમાં માનવીના હાથ, મસ્તક અને હૈયાનો સમન્વય થયો હોય.'

તેમનો સંપર્ક : ડી.બી. મોટર્સ, ૭/૧૦, ભક્તિ સ્ટેશન પ્લોટ, રાજકોટ. મો. નં. ૯૯૨૪૬ ૫૪૦૫૪ ઉપર થઇ શકશે.

યુવાન અને વૃદ્ધ તો અંતે મનથી જ થવાય છે, વૃદ્ધાવસ્થામાં પણ યૌવનનો તરવરાટ, સમય સાથે ડગ માંડવાની તૈયારી, જતું કરવાની ભાવના હોય તો કોઇ પણ ઉંમર તમને 'ડોસા' નહીં બનાવે

વિચાર યાત્રા
- જય ઓઝા

હવે તો સુધરો!

ઉંમરની છેલ્લી ઇનિંગમાં બેટિંક કરતાં વડીલો સન્માનીય છે, વંદનીય છે, પણ ત્યાં સુધી જ કે જ્યાં સુધી તેઓ અંચાઇ ન કરે. સમાજમાં એવા ઘણાં વ્યક્તિ મળી રહેશે જે આખા જીવન દરમિયાન તેમને મળેલા અનુભવના આધારે શાંતિથી સલુકાઇથી કુનેહભર્યું જીવન વ્યતિત કરવાનાં બદલે, કાંઇ ને કાંઇ અટકચાળું વર્તન જ કરતાં હોય છે. બીજાના કામમાં આડખીલીરૂપે કેમ બનવું એ જ એમનું મુખ્ય કામ હોય છે. સાઠ પછી એકસઠ, બાસઠ, ... એમ સઠસાઇ ગયેલાં બુઢ્ઢાઓની આ વાત છે.

અગાઉ કહ્યું તેમ દરેક સાઠ ઉપરનો વ્યક્તિ સન્માનીય છે, તેમાં ના નહીં, આખું જીવન કામના ઢસરડા અને કુટુંબની જવાબદારી ખભે ખેંચીને ચાલતા વડીલો પાછલા પડાવમાં આરામ અને આદરના અધિકારી છે, પણ કમનસીબી એ છે કે કોઇ સિક્કો ખાલી હેડ્સ અન ખાલી ટેલ્સ એટલે કે કોઇ જ છાપનો બનેલો નથી, એ તો અભિતાભ પાસે શોલેમાં જ હતો, પણ કહેવાનો મતલબ કે દરેક સિક્કાની બીજી બાજુ હોય છે. એમ આવા વયોવૃદ્ધ, સન્માનીય વડીલોની બીજી બાજુ બુઢ્ઢા, ખુસડ, ખોંચરા કાઢતા, ઘરતી પર બોજ વધારતા શો-પીસ છે. આવા નમૂના પણ સમાજમાં ઓછાં નથી!

આજકાલ બધાને ટેવ પડી ગઇ છે. નવી પેઢીની બૂરાઇ કરવાની પણ ખરેખર જોવા જઇએ તો જેમ સિક્કાની બીજી બાજુ કાળી છે, એમ અમારા પર સિક્કાની બીજી બાજુ ઉજળી છે. આ ગંભીર પ્રશ્ન છે! સાઠ પછી સઢિયાઇ ગયેલાઓને જીવનમાં જીવનમાં કોઇ ચોક્કસ સ્થાન ન મળવાનો વસવસો ઘેરી વળે છે, અને સમાજનું કામ કરવાનો વિચાર એમને પછી આવે છે, ત્યાં સુધી ઘર અને પત્ની-બાળકો, પૈસાના ચક્કરમાંથી ઊંચા આવતા નથી. નિવૃત્તિના સમયમાં અચાનક તેમને સમાજ સેવાનું ભૂત ઊપડે છે અને તે પણ માત્ર પ્રસિદ્ધિની લીલસા માટે જ. જ્યારે આજની જનરેશન સતત નવા નવા સંઘર્ષો વચ્ચે પોતાનું જીવન વિતાવે છે - સાથે સાથે ઘર - પત્ની બાળકોની જવાબદારી સ્વીકારીને સમાજમાં પણ આગળ પડતું દોડીને કામ કરે છે. "હું ભલોને મારૂં કામ ભલું" એવી તકિયાનુસી વાતને અમે અભરાઇ પર ચડાવી છે, જીવનનાએવા કોઇ તબક્કા અને નક્કી નથી કર્યા કે અત્યારે વ્યક્તિગત કામ કરવું અમુક ઉંમર પછી સામાજિક કાર્ય કરવું, બધું સમાંતર ચલાવવાનો કસબ આજની પેઢી જાણે છે અને ફરે ઇ ચરે, કામ કરે એ આગળ વધે એ તો સંસારનો નિયમ છે, આથી જ કોઇ ડેડાંટ અને વિશેષ પ્રયત્ન વગર લોકો તેને ઉચ્ચ સ્થાને મૂકી દે છે.

લોચા હવે જ શરૂ થાય છે, જપીને બેસી રહેવા વિઘ્નસંતોષી બુઢ્ઢે લોગ હવનમાં હાડકાં નાખવાનું ચાલુ કરે છે, અને નાની -નાની વસ્તુને ચિંગમની જેમ ખેંચી ખેંચી વાતનું વતેસર કરી નાખે છે. પોતાનો કક્કો ખરો કહાવવની તેમની હઠ એવી હોય છે કે ન પૂછો વાત! મને લાગે છે કે આપણે કહેવત બદલવી પડશે - બાળહઠ, રાજહઠ અને સ્ત્રીહઠની સાથે સાથે ડોસાહઠ પણ ઉમેરવી પડશે. આજનો યુવાન સમય સાથે તાલ મિલાવતો વધુ સમજુ થયો છે, આટલી સ્પર્ધાના સમયમાં ઝઝૂમતો યુવાન ધન્યવાદને પાત્ર છે. આજથી ૩૦-૪૦ વર્ષ પહેલાં સરકારી નોકરી સરળતાથી મળી રહેતી હતી ત્યારે ભ્રષ્ટાચાર, વસ્તીવધારો, બેકારી આ બધી સમસ્યાઓ આજના મુકાબલે તો નહિવત્ જ હતી.

'અરે અમારા વખતમાં તો અમે આમ સાઇકલ પર દોડતા, કામ કરતા અને રૂપિયા ચપટીમાં મેળવી લેતાં!' અમારા જમાનામાં તો આમ હતું ને તેમ હતું. આવું સાંભળી સાંભળીને અમારા કાન પાકી ગયા છે, - અરે દાદા! પહેલાં તો ગ્રેજ્યુએટ થયા ફ્છી નોકરી તરત મળી જતી, આજે કોમ્પિટીશન વધી છે. માસ્ટર ડીગ્રી પછી પણ સરકારી તો શું સામાન્ય નોકરી મેળવવાના પણ ફાંફા છે, અને સ્ત્રીઓમાં તે સમયે ભણતરનું પ્રમાણ ઓછું રહેતું એટલે લગ્ન પમ તરત થઇ જતાં અને પછી સલામત નોકરી કરતાં - કરતાં જીવન વ્યતિત કરતા વડીલો અમારી અત્યારની પરિસ્થિતિનો અનુભવ કરે તો એમને આંખે પાણી આવે. રોજ નવી ચેલેન્જ સાથે ગમે તેવી પરિસ્થિતિને કાબૂમાં કરતું યુવાદાન અભિનંદનીય છે, કેમ તમને એમ નથી લાગતું! નિવૃત્તિના સમયે જેટલો પગાર મળતો હોય તેનાથી બમણું કે ત્રણ ગણું અત્યારે પેશન મેળવતા વડીલો રૂપિયા કેમ કમાવાય તેની સુફિયાણી સલાહ આપે ત્યારે મૌન જ બની જઇએ છીએ. બધી વાતને સમજીને નાસમજી કરનારા વડીલોથી તો તોબા! તેમની સાવ ક્ષુલ્લક જેવી બાબત સામે આપણે દલીલ પણ કેવી રીતે કરવી એ સમજાતું નથી.

એ પછી લગ્નની વાત હોય તો સસરા-જમાઇને માથાકૂટ, નોકરી ધંધા માટે બાપ-દીકરાની માથાકૂટ મોટેરાઓ ખોટી વાત સ્વીકારવાનું તો કદી શીખ્યા જ નથી, ઉલ્ટાનું જ્યારે ખબર પડે કે પોતે ખોટા છે ત્યારે તેમનો ગુસ્સો ઓર વધી જાય છે. કારણ કે જૂઠું સાબિત કરવા જોર જોરથી ગાજવું પડે છે, સામા પક્ષે વડીલોની આમાન્ય રાખતો યુવાવર્ગ તેમની આ જોહુકમી ચલાવી લે છે, ફક્ત આદરના કારણે. આને તે હઠીલા વૃદ્ધો પોતાની જીત સમજે છે, પરંતુ એટલું ભાન થયું નથી કે આવા ખોટા હઠાગ્રહના કારણે તેઓ ક્યારના સામેવાળાની નજરમાંથી ઊતરી ગયા છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

નંદવાતા જતાં દાંપત્યજીવન માટે સહનશીલતાનો અભાવ કારણભૂત છે

સમાજચિંતન
- પોપટલાલ પ્રજાપતિ

લગ્ન સોળ સંસ્કારમાનો એક સંસ્કાર ગણાય છે. લગ્ન માટે કહેવાય છે કે તે સ્વર્ગમાં નક્કી થાય છે. લગ્ન એ સમાજની રચના વખતે વડીલોએ બનાવેલી એક સામાજિક વ્યવસ્થા છે. મદ્રાસ હાઇકોર્ટ તાજેતરમાં એક કેસમાં ચુકાદો આપ્યો કે મંગળસૂત્ર પહેરાવવું, વીંટી પહેરાવવી કે સપ્તપદીના ફેરા ફરવા આ તો સમાજમાં સંતોષ માટે કરવામાં આવતી ઔપચારિકતા છે. પુખ્ય વયની બે વ્યક્તિ સંમતિથી શારીરિક સંબંધો બાંધે તેને લગ્ન જ ગણાય. સમયાંતરે લગ્ન બાબતે કરાતી આવી નવી નવી વ્યાખ્યાઓને કારણે લગ્નનું મહત્ત્વ ઘટતું જાય છે. વડીલોના માધ્યમથી થતાં લગ્નોમાં લગ્નજીવન નીભાવવાનું વાતનું મહત્વ રહેતું. પતિ અને પત્ની સમાધાનકારી વલણ અપનાવી 'લેટ-ગો' ની ભાવના સાથે લગ્નજીવન ટકાવી રાખતા. પણ આમાં મોટે ભાગે સ્ત્રીઓ જ સહનશીલતા કેળવી સંબંધોને તૂટતાં બચાવી લેતી. હવે આત્મસન્માન, સ્ત્રી સ્વાતંત્ર્ય અને સમાન અધિકારની ચર્ચા થવા માંડી અને પરિણામે પરિવારો તૂટતા ગયા. દાંપત્યજીવન ખોરવાતા ગયા. એક અંગ્રેજી કહેવત પ્રમાણે તમે દલીલ કરીને પરિસ્થિતિ જીતી શકો પણ માણસને ખોઇ બેસો છો. સદીઓની એક પરંપરા છે કે સ્ત્રીની સહનશીલતાને કારણે જ પરિવારો ટકી જાય છે. સ્ત્રી જ્યારે સહનશીલતા ગુમાવે છે ત્યારે પરિવારમાં કલેશનાં મંડાણ થાય છે અને છેવટે પરિવાર વિભાજીત થાય છે. સ્ત્રીએ લાડકી દીકરી, આદર્શ પત્ની, વહાલી મમ્મી કે પ્રેમાળ દાદીમા થવા માટે હંમેશા સહન જ કરવું પડે છે. પાંચ પતિઓને સાચવવા દ્રોપણીને કેટલું સહન કરવું પડ્યું હશે? કેટલી સમજણ કેળવવી પડી હશે? રાજ પરિવારના સીતાજીએ સમગ્ર જીવન દરમિયાન કેટલી યાતનાઓ ભોગવી હતી છતાં તેમને આ બાબતે ક્યાકં ફરિયાદ કરી નથી. પરિણામે દાંપત્યજીવન અંગે એક આદર્શ તેઓ મુકતા ગયા. દ્રૌપદી અને સીદાએ સમાજમાં 'સતી'નું સ્થાન પ્રાપ્ત કર્યું.

પુરાતન કાળથી આપણે શીખતા આવ્યા છીએ કે ઢોર ગમાર શુદ્ર પશુ, નારી, એ સબ તાડન કે અધિકારી, બુધે જાર બાજરી, અને બુધે નાર પાંસરી. છેક પુરાણકાળથી આજદિન સુધી સ્ત્રીઓને દંડવાની જ વાત કરાઇ છે. પુરૂષને સીધા કરવાની ક્યાંક વાત આવતી નથી. આમાં સ્ત્રીઓ સાથે ભારોભાર અન્યાય થાય છે. છતાં આવી માનસિકતા વચ્ચે જ આપણું ઘડતર થયું છે. પરિણામે પુરૂષો એવી જ અપેક્ષા રાખે છે કે કૌટુબિંક પ્રશ્નોમાં હંમેશા સ્ત્રીઓએ જ સહન કરવું પડે. સ્ત્રીઓ આવી માનસિકતા સામે કોઇ પણ પ્રતિકાર કર્યા વિના અનુકૂળતા સાધી લે છે. જાણીતા લેખક સ્ટીવન લેવીટે લખ્યું હતું કે ભારતમાં ગરીબ કે ધનિક ઘરની સ્ત્રીઓને પતિ ગુસ્સો કરી મારે છે, તેનો સર્વે કરતાં ૫૪ ટકા સ્ત્રીઓ જણાવેલું કે 'હા, અમારા પતિ, જરૂર મારે છે, પણ એમાં તમારા બાપનું શું જાય છે? આ કટાર લેખક આ વિચારસરણી સાથે બિલકુલ સંમત નથી પણ કહેવાનું તાત્પર્ય એ છે કે આજદિન સુધી સ્ત્રીઓએ પુરૂષના અહમ્‌ને સંતોષવાનું જ કામ કર્યું છે. એ એટલા માટે કે સંસાર ટકી રહે. અને આ કામ માત્ર સ્ત્રીઓ જ કરી શકે. પુરૂષોને પુરૂષત્વનો એક અહંકાર હોય છે.'

તેના હૃદય પર કોઇ ચોટ કરે અથવા તેનું સ્વમાન ઘવાય ત્યારે તે રઘવાયો બને છે પછી તે સ્ત્રીની સાચી વાત પણ માનવામાં તેનો અહમ ઘવાય છે. આ સમયે સ્ત્રી પણ સમાનતાના નામે શાબ્દિક હથિયાર ઉગામે તો પરિસ્થિતિ બગડે છે અને પરિણામે અઘટિત જ આવે એ તદ્દન સત્ય છે. વર્તમાન સમયમાં નંદવાતા જતા દાંપત્યજીવન માટે સહનશીલતાનો અભાવ જ કારણભૂત છે. પરિવારની શાંતિ માટે પણ ક્યારેક અપમાનનો ઘુંટડો ગળી સહન શીલતા કેળવવામાં આવે તો ઘરમાં સ્વર્ગ ઉતરે અને આ કામ માત્ર ને માત્ર સ્ત્રીઓ જ કરી શકે. સ્ત્રી અને પુરૂષનું જન્મજાત ઘડતર જ એ પ્રકારનું હોય છે કે પુરૂષો હંમેશા અહમ્‌વાદી રહ્યા છે અને સહનશીલતાના પાઠ સ્ત્રીઓ બચપણથી જ શીખે છે. તે નાની હોય ત્યારે માતાપિતાની છત્રછાયા, મોટી થાય ત્યારે પતિની છત્રછાયા અને ઘડપણમાં દીકરાઓની છત્રછાયા, સ્ત્રી હંમેશા દોષોને સહન કરે છે. ખુબીઓને નવાજે છે, ક્ષતિઓ તરફ આંખ આડા કાન કરે છે. સમાજ આ રીતે જ નભે છે.

વર્તમાન યુગમાં યુવતીઓ આર્થિક રીતે પગભર થતી ગઇ પરિણામે સ્વતંત્ર વિચાર સરણી કે સમાનતાની લાગણી બળવત્તર બની. તેમાંથી દાંપત્યજીવનમાં કડવાશના બી રોપાયા. બંનેના સ્વતંત્ર વ્યક્તિત્વનો ટકરાવ વધતો ચાલ્યો. પરિણામે સમાજમાં સમસ્યાઓ વધતી ગઇ. પહેલાં ક્યાંક તણખાં થતા હવે ભડકા થવા લાગ્યાં. અને એ પણ સાવ સામાન્ય બાબતોમાં.

એક કિસ્સામાં નોકરી કરતાં પતિ-પત્ની વચ્ચે આવી જ બાબતે મતભેદ થતાં વૈમનસ્ય વધ્યું. પત્નીનો આગ્રહ હતો કે દર રજાના દિવસોએ બાળકો સાચવવાની જવાબદારી પુરૂષની હોવી જોઇએ જ્યારે પુરૂષ એવી માન્યતા ધરાવતો હતો કે બાળ ઉછેરની જવાબદારી પત્ની જ નીભાવી શકે પુરૂષોનું કામ નહિ. બંને પોતાની વાતોમાં મક્કમ રહ્યા, પરિણામ છુટાછેડામાં આવ્યું... બીજા એક કિસ્સામાં નોકરી કરતી પત્ની પાસે દર મહિને પતિ પગારની માગણી કરતો. પત્ની કહે આ મારી કમાઇ છે. પગાર તમારા હાથમાં મુકી મારે તમારી ગુલામડી થઇને રહેવાનું? મારા પગાર ઉપર મારો અધિકાર કેમ નહીં? વાત વધી પડી. બંનેમાંથી કોઇએ મચક ન આપી. પત્નીએ નોકરી ન છોડી પણ પતિએ છોડી મૂક્યો... વર્તમાન સમયની બલિહારી એ છે કે યુવાનીમાં સહનશક્તિ નામશેષ થતી જાય છે અને ઉશ્કેરાટમાં આવી ઉતાવળીયો નિર્ણય પણ લેતા અચકાતા નથી. આ નિર્ણય આ પાર કે પેલે પાર ના હોય છે. પરિણામે પરિવારમાં ક્યાંક શાંતિ નથી સર્વત્ર ઉચાટ છે, સુખ છે પણ ચેન નથી.

(અનુસંધાન પાના નં. ૬ પર)